# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત ચિપ્સની સાથે તેના યંત્ર, સાધનસામગ્રી અને પરીક્ષણની સુવિધા પણ વિકસાવશે.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વૈશ્વિક ઉદ્યોગકારોને રાજ્યમાં રોકાણની સાથે સલામત ભવિષ્યની બાંહેધરી આપી.**
3. **રાજ્યભરમાં આજે હોળી પર્વની ઉજવણી કરાશે.**
4. **રાજ્યમાં આ સપ્તાહમાં ગરમી વધવાની હવામાન ખાતાની આગાહી.**
5. **ICC T-20 ક્રિકેટ વિશ્વકપમાં વેસ્ટઇન્ડીઝને હરાવી ભારત સેમિફાઈનલમાં પહોંચ્યું.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GUJ SEMICONNECT CONF

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, અમદાવાદના સાણંદમાં માઈક્રોનના પહેલા પ્લાન્ટના પ્રારંભ સાથે ભારતે વિશ્વના સેમિ-કન્ડક્ટર નકશા પર વિશેષ સ્થાન મેળવ્યું છે. ગાંધીનગરમાં "ગુજરાતઃ ભારતનું સિલિકોન પ્રવેશદ્વાર"ના વિષયવસ્તુ હેઠળ યોજાયેલી "ગુજરાત સેમિ-કનેક્ટ પરિષદ"ના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા તેમણે કહ્યું, ભારત માત્ર ચિપ્સ જ નહીં, પણ તેને તૈયાર કરનારા યંત્ર, સાધનસામગ્રી અને પરીક્ષણ માટેની માળખાકીય સુવિધા પણ વિકસાવશે.

સાથે જ સેમિ-કન્ડક્ટર ઉદ્યોગમાં વૈશ્વિક સ્તરે 20 લાખ નિષ્ણાતની અછત સર્જાવાની છે, જે ભારત પૂરી કરશે તેમ પણ શ્રી વૈષ્ણવે ઉમેર્યું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં રોકાણ કરવા વૈશ્વિક ઉદ્યોગપતિઓને આવકાર્યા હતા. તેમણે કહ્યું, ગુજરાત રોકાણકારોને રોકાણની સાથે સુરક્ષિત ભવિષ્યની પણ બાંહેધરી આપે છે.

**BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER**

# CM ONE TO ONE MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ગુજરાત સેમિ-કનેક્ટ પરિષદમાં ભાગ લેવા આવેલા વિવિધ ઉદ્યોગપતિ અને રોકાણકારો સાથે વન-ટૂ-વન બેઠક કરી હતી. તેમણે રાજ્યમાં મેમરી મોડ્યુલ ફેસિલિટી, પાવરચિપ ઉત્પાદન, સેમિ-કન્ડક્ટર માટે

સંશોધન અને વિકાસ કેન્દ્ર તથા વિશેષ રસાયણ સુવિધા તૈયાર કરવા સહિતની ચર્ચાઓ કરી હતી. શ્રી પટેલે ધોલેરા અને સાણંદ સહિત સેમિ-કન્ડક્ટર ઉદ્યોગ માટેની સુદ્રઢ માળખાકીય સુવિધા અને રાજ્ય સરકારના અભિગમની પણ માહિતી આપી.

## ASHWINI VAISHNAW DHOLERA

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદ—ધોલેરા સેમિ હાઈસ્પીડ રેલવે કનેક્ટિવિટી પરિયોજનાની સમીક્ષા કરી. તેમણે સરખેજ—ધોલેરા ડબલિંગની સાથે રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલ – **NMHC** અને ધોલેરા વિમાનમથક વચ્ચેના 134 કિલોમીટરના મુખ્ય પરિવહન માર્ગના કામની પ્રગતિની પણ માહિતી મેળવી. ધોલેરાના સેમિ-કન્ડક્ટર ઉદ્યોગ અને સોલર ઉર્જા ઘટકોના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવવા આ પરિયોજના મહત્વની ભૂમિકા ભજવશે.

પત્રકારો સાથેની વાતચીતમાં આવતા વર્ષે શરૂ થનારી બૂલેટ ટ્રેન અંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વધુ માહિતી આપી.

**BYTE: ASHWINI VAISHNAW, UNION RAILWAY MINISTER**

## HOLI CELEBRATION TODAY

રાજ્યભરમાં આજે હોળી પર્વની ધાર્મિક આસ્થા સાથે ઉલ્લાસભેર ઉજવણી કરાશે. આવતીકાલે ચંદ્રગ્રહણ હોવાના કારણે આજે પરંપરાગત હોળી પ્રગટાવાશે.

જ્યારે ધૂળેટી પર્વ બુધવારે ઉજવાશે. રાજ્યમાં અનેક જગ્યાએ વૈદિક હોળી પણ પ્રગટાવાશે.

શક્તિપીઠ અંબાજી સહિત વિવિધ યાત્રાધામમાં પણ સાંજે પરંપરાગત રીતે હોળી પ્રગટાવાશે. અંબાજીમાં સાંજે સાડા છ વાગ્યે હોળી પ્રગટાવ્યા બાદ 7.30થી આઠ વાગ્યે આરતી કરાશે. ત્યારબાદ ભક્તો રાત્રે આઠથી નવ વાગ્યા સુધી દર્શન કરી શકશે.દેવભૂમિ દ્વારકામાં જગત મંદિર, ખેડાના ડાકોર, સાળંગપુર ધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાન મંદિરમાં  ફાગણ મહોત્સવની ઉજવણી કરાશે, જેમાં ભાગ લેવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પહોચી રહ્યા છે. પગપાળા આવતા ભક્તો માટે ઠેર ઠેર સેવા શિબિરમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

દરમિયાન લોકોમાં હોળી ધૂળેટી પર્વની ઉજવણી અંગે ઉત્સાહ જોવા મળી રહ્યો છે લોકો બજારમાં પિચકારી, કલર ,ધાણી, ખજૂર ની ખરીદી કરતાં જોવા મળી રહ્યા છે.

## HOLI TRAIN BHEED

હોળી નિમિત્તે લોકોને પોતાના વતન બિહાર અને ઉત્તરપ્રદેશ સહિતના રાજ્ય સુધી પહોંચાડવા રેલવે દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. અંત્યોદય એક્સપ્રેસ અને અમૃત ભારત ટ્રેનમાં પણ હાલ ભારે ભીડ જોવા મળી રહી છે. આ અંગે રેલવેના મુંબઈ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર પંકજ સિંહે કહ્યું, મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાને લઈ વધારાના કોચ રખાશે.

**BYTE: PANKAJ SINGH, DRM, MUMBAI DIVISION**

# WEATHER FORECAST

રાજ્યમાં આ સપ્તાહમાં ગરમી વધવાની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, આ મહિનાના પ્રારંભ સાથે જ રાજ્યમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ છે. મહિનાના અંત સુધીમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. જ્યારે આગામી પાંચ દિવસ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારાની શક્યતાના કારણે ઉકળાટભર્યું વાતાવરણ રહી શકે છે.

**BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD**

# ICC T20 WORLD CUP

**ICC T-20** ક્રિકેટ વિશ્વકપમાં વેસ્ટ ઇન્ડીઝને હરાવી ભારત સેમિ-ફાઈનલમાં પહોંચ્યું છે. કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં ગઈકાલે રમાયેલી મેચમાં વેસ્ટ ઇન્ડીઝે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવી 196 રન કર્યા.

જવાબમાં ભારતે 19 ઓવર બે બોલમાં આ મેચ જીતી લીધી. ખેલાડી સંજૂ સેમસને 50 બોલમાં સૌથી વધુ અણનમ 97 રન બનાવતા તેમને મેન ઓધ ધ મેચ જાહેર કરાયા હતા.

ભારત હવે આગામી પાંચ માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં બીજી સેમિ-ફાઈનલમાં ઇંગ્લેન્ડ સામે રમશે. જ્યારે ચાર માર્ચે કોલકાતામાં દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝિલેન્ડ સામે પહેલી સેમિ-ફાઈનલ રમાશે. બંને મેચની વિજેતા ટીમ આગામી આઠ માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ફાઈનલ મુકાબલો રમશે.

# CM SGVP PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સંસ્કાર સાથેનું શિક્ષણ માત્ર ગુરુકુળ પરંપરામાં જ શક્ય છે. ગુરુકુળે શિક્ષણને સમષ્ટિના કલ્યાણનું માધ્યમ બનાવ્યું છે. અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ – **SGVP**ના અધ્યક્ષ પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના 75 વર્ષ નિમિત્તે યોજાયેલા અમૃતવંદના મહોત્સવને સંબોધતા શ્રી પટેલે કહ્યું, વિકસિત ભારતના સંકલ્પમાં સંતોના આશીર્વાદ અને સંસ્થાનું યોગદાન પાયારૂપ છે.

સાથે જ શ્રી પટેલે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની દોઢ-સોમી જન્મજયંતી અને રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’ની રચનાને દોઢસો વર્ષ નિમિત્તે થઈ રહેલી ઉજવણીને ભારતના આત્મસન્માનનું પ્રતીક ગણાવ્યું.

# TAPI SCHOOL KHATMUHURT

તાપીમાં વાલોડ તાલુકાના નાલોઠા ગામમાં અંદાજે 51 કરોડ 35 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી આદર્શ નિવાસી શાળાનું ખાતમુહૂર્ત કરાયું. બાળકોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરનું શિક્ષણ મળે તેમજ સાક્ષરતા વધે તે હેતુથી વિનામૂલ્યે રહેવા, જમવા અને શિક્ષણની વ્યવસ્થા ધરાવતી આ નિવાસી શાળા શરૂ કરાશે.

આ પ્રસંગે ઉપસ્થિત આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે વધુ માહિતી આપી.

**BYTE: NARESH PATEL, TRIBAL DEVELOPMENT MINISTER**

# RAJYAPAL DANG VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ડાંગમાં આહવાના રંગઉપવન ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કહ્યું, દેશના પહેલા પ્રાકૃતિક જિલ્લા તરીકે ડાંગ ઉદાહરણરૂપ જિલ્લો બન્યો છે. તેમણે પ્રગતિશીલ ખેડૂતો, કૃષિસખી અને કિસાન મિત્ર સાથે સંવાદ કરી પ્રાકૃતિક પદ્ધતિઓ અંગે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી. ઉપરાંત રાજ્યપાલશ્રીએ આહવાના ગોંડલવિહિર ગામમાં આદિવાસી સમુદાયના લોકો સાથે પ્રાકૃતિક ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

-------------------------------------------------------------------------------